સયાજી માર્કેટ પાસે ફાયર એન.ઓ.સી.વિના ફટાકડાનો જથ્થો રાખનાર વેપારી સહિત બે વિરુદ્ધ કાર્યવાહી

ડીસાની ઘટનાના પડઘા વડોદરામાં પડયા, ફટાકડાનું લાયસન્સ નહીં ધરાવનાર વેપારીઓ સામે ફરિયાદ

ગત તા.20 માર્ચના રોજ જગદીશ ફરસાણના પાર્કિંગમાં લોખંડનો શેડ ખોલતા દરમિયાન તણખાં થી આગ લાગી હતી

(પ્રતિનિધિ) વડોદરા તા. 02

ગત તા.20 માર્ચના રોજ સાંજે સાડા પાંચ કલાકે નેશનલ હાઈવે નં.48 પર આવેલા સયાજી માર્કેટ શ્રી વિષ્ણુ કો -ઓપ. હાઉસિંગ કોલોની લીમીટેડમા આવેલી દુકાનની ગેલેરીમા પ્લાસ્ટિકના દાણાના ખુલ્લા સ્ક્રેપમા આગ લાગતાં બાજની ફટાકડાની દુકાનમાં આગ લાગી હતી જેને ફાયરબ્રિગેડની ટીમે કાબૂમાં લીધી હતી આ અંગેની કપૂરાઈ પોલીસે તપાસમાં ફાયર એન ઓ.સી.વિના ફટાકડા રાખનાર, ફાયર સેફ્ટીના સાધનો વિના ખુલ્લામાં પ્લાસ્ટિકના સ્ક્રેપ રાખનાર તથા શેડ ખોલવાની કામગીરી દરમિયાન બેકાળજી દાખવનાર ત્રણ વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

એક તરફ કાળઝાળ ગરમી વચ્ચે રાજ્યમાં તથા શહેરના કેટલાક વિસ્તારોમાં આગજનીની ઘટનાઓ બનવા પામી રહી છે ત્યારે ગત તા.20 માર્ચ 2025 ના રોજ શહેરના આજવા બ્રિજ પાસે ને. હા. નં.48 પર આવેલા સયાજી માર્કેટ પાસે શી વિષ્ણુ કો -ઓ. હાઉસિંગ કોલોની લીમીટેડમા પ્લોટ નં.579/2 જેના પ્લોટ નં.545ની જગ્યામાં જગદીશ ફરસાણના પાર્કિંગમાં બનેલા લોખંડના એગલથી બનેલા શેડ ખોલવાની કામગીરી કરોડિયારોડ બાજવાના નિઝામુદ્દીન શમશુદ્દીન

શેખને જગદીશ ફરસાણવાળાએ આપેલી હોય માણસો શેડ ખોલવાની કામગીરી કરી રહ્યા હતાં તે દરમિયાન સાંજે સાડા પાંચ વાગ્યે લોખંડના એગલને કટિંગ કરતાં તણખાં ઉડ્યા હતા જે તણખાં ગિરિરાજ સોસાયટી,પાણીગેટના માલિક શફીકભાઇ સલીમભાઇ ધોબી ની દુકાન નંબર 553ના પાછળના ભાગે ખુલ્લામાં સેફ્ટી સાધનો વિના રાખેલા પ્લાસ્ટિકના દાણાના સ્ક્રેપ ઉપર પડતાં આગ લાગી હતી આ આગ આગળ વધતા શહેરના વારસિયા રીંગ રોડ ખાતે ચતુરભાઇ પાર્કમાં રહેતા વેપારી અશોક રૂપચંદ ખાનાની ની દુકાન નં.ઇ-557મા રાખવામાં આવેલા નાના મોટા ફટાકડામાં લાગી હતી જેની જાણ ફાયરબ્રિગેડ ને થતાં ફાયરબ્રિગેડની ટીમે ભારે જહેમત બાદ આગ પર કાબુ મેળવ્યો હતો જો કે આગમાં કોઇને જાનહાનિ કે ઇજા થઇ ન હતી.સમગ્ર બનાવ અંગેની તપાસમાં કપૂરાઇ પોલીસે બેદરકારી થી શેડ ખોલવાની કામગીરી કરનાર નિઝામુદ્દીન શેખ, સેફ્ટિના સાધનો વિના દુકાનના પાછળના ભાગે પ્લાસ્ટિકના દાણાનો સ્ક્રેપ રાખનાર દુકાન નં.553 ના વેપારી શફીકભાઇ ધોબી સાથે જ ફટાકડા રાખવાનું લાયસન્સ ન રાખનાર તેમજ ફાયર સેફ્ટીના સાધનો અને ફાયર એન ઓ સી વિના ફટાકડાનો જથ્થો રાખનાર દુકાન નં.552ના વેપારી અશોક રૂપચંદ ખનાની વિરુદ્ધ કપૂરાઇ પોલીસ દ્વારા કાયદેસરની ફરિયાદ નોંધી જરૂરી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

દુમાડ લિંબાચ માતા મંદિરની વાડ તોડી પાડ્યા બાદ વિરોધ

(પ્રતિનિધી) વડોદરા તા.2

કોર્પોરેશનની એક ટીમ વડોદરા શહેરના દુમાડ ચોકડી પાસે આવેલા લિંબાચ માતા મંદિરમાં અતિક્રમણ દૂર કરવા પહોંચી હતી, પરંતુ તેમના પ્રયાસોનો સ્થાનિક લોકો દ્વારા ઉગ્ર વિરોધ કરયો હતો. મંદિરની વાડ અને દિવાલ તોડી પાડવાથી સ્થાનિકો ગુસ્સે થયા હતા, જે મંદિરની સુરક્ષા,પવિત્રતા અને લોકો ની લાગણી દુખાવા નું કામ પાલિકા તંત્ર એ કર્યું હોવાના આક્ષેપો કર્યા હતા. દેખાવકારોએ કોર્પોરેશનની ટીમનો સામનો કરતા પરિસ્થિતિ તંગ બની ગઈ હતી, અને મંદિરના મહત્વ અને સ્થાનિક સમુદાયની લાગણીઓને અવગણવાનો આરોપ લગાવ્યો હતો. જોકે, કોર્પોરેશનની ટીમે કહ્યું હતું કે ગેરકાયદેસર અતિક્રમણ દૂર કરવા અને જાહેર જગ્યાઓ પુનઃસ્થાપિત કરવા માટે તોડી પાડવું જરૂરી હતું.આ વિરોધ પ્રદર્શનથી ધાર્મિક અને સાંસ્કૃતિક સંસ્થાઓ પ્રત્યેની તેની સંવેદનશીલતા પર પ્રશ્નો ઉભા થયા છે. આ મુદ્દો વધુ વકરે તેવી શક્યતા છે, સ્થાનિક લોકો માંગ કરી રહ્યા છે કે કોર્પોરેશન તોડી પાડેલી વાડ અને દિવાલ ફરીથી બનાવે.

ક્રાઇમ બ્રાન્ચે મકરપુરા જીઆઇડીસીમાંથી 3ને દબોચ્યાં

ગોરવાની કંપનીમાંથી વાલ્વની ચોરી કરનાર ત્રુપટી ઝડપાઈ, અન્ય વોન્ટેડ

નાના મોટા વાલ્વ 69 વાલ્વ અને રોકડ રકમ સહિત રૂ.5.96 લાખનો મુદ્દામાલ રિકવર

(પ્રતિનિધી) વડોદરા તા.2

વડોદરા શહેરના ગોરવા બીઆઈડીસીમાંથી રૂ. સવા સાત લાખથી વધુના વાલ્વની ચોરી કરનાર ત્રિપુટીને ક્રાઈમ બ્રાન્ચે ઝડપી પાડી હતી. ચોરીના સામાન મકરપુરા જીઆઈડીસીમાં નવકાર એન્ટરપ્રાઈઝમાં રાખ્યો હોય ક્રાઈમ બ્રાન્ચે ત્યાં રેડ કરીને રૂ. 5.96 લાખનો મુદ્દામાલ રિકવર કરાયો છે.

ક્રાઈમ બ્રાન્ચની ટીમ વિસ્તારમાં 2 એપ્રિલના રોજ પેટ્રોલિંગમાં ફરી રહી હતી તે દરમિયાન બાતમી મળી હતી કે મકરપુરા જીઆઈડીસીમાં નવકાર એન્ટરપ્રાઈઝમાં ચોરીના મુદ્દામાલ રાખવામાં આવ્યો છે. જેથી ક્રાઈમ બ્રાન્ચની ટીમ બાતમી મુજબના સ્થળ પર જઈને તપાસ કરી હતી ત્યારે સ્થળ પરથી સોનું બ્રિજરાજ ગુપ્તા (રહે. રણોલી) મનોજ લાલજી ઉપાધ્યાય (રહે.ગાજરાવાડી) અને સુભાષ પ્રકાશ શેઠિયા (રહે.માંજલપુર) ઝડપાઈ ગયા હતા. તેમની સાથે રાખીને તપાસ કરતા ત્યાંથી શંકાસ્પદ સ્ટીલના 69 વાલ્વ રૂ.5.90 લાખ અને રોકડ રકમ સળી રૂ.5.96 મળી આવ્યા હતા. પોલીસ તેમની પાસેથી સામાનના પુરાવાની માગણી કરી હતી પરંતુ નહી હોવાનું જણાવવા સાથે ગોરવા બીઆઈડીસી ક્રિષ્ણા એસ્ટેટમાંથી ફ્લોઝોન એન્જિનિયરિંગ સોલ્યુશન નામની કંપનીમાંછી 7.29 લાખના વાલ્વની ચોરી કરી હોવાની કબૂલાત કરી હતી. ક્રાઈમ બ્રાન્ચ દ્વારા ત્રિપુટીને આગળની કાર્યવાહી માટે ગોરવા પોલીસ સ્ટેશનમાં સોંપવામાં આવ્યા છે.

પાડોશીઓના દરવાજાને કડી માર્યા બાદ ખેલ પાડ્યો

સુભાનપુરા ખાતે રહેતા સાડીના વેપારીના ઘરમાં ચોરોનો હાથફેરો

તિજોરીમાં મુકેલા દાગીના અને રોકડ રકમ તસ્કરો ચોરી ગયા

(પ્રતિનિધી) વડોદરા, તા.2

શહેરના સુભાનપુરા વિસ્તારમાં આવેલા વૈકુંઠ ફ્લેટમાં રહેતા સાડીના વેપારીના મકાનને નિશાન બનાવીને ફરી એકવાર પોલીસ પેટ્રોલિંગના તસ્કરોએ લીરે લીરા ઉડાવ્યા હતા. ફ્લેટમાં અન્ય લોકોના મકાનના દરવાજાને બહારથી કડી માર્યા બાદ તસ્કરો ઘરમાં પ્રવેશ્યા હતા અને તિજોરીમાંથી સોના ચાંદીના દાગીના તેમજ રોકડ રકમ મળી લાખોની મકાની ચોરી કરીને રફુ ચક્કર થઈ ગયા હતા. પોલીસે તુરંત સ્થળ પર દોડી આવીને ચોરીની ફરિયાદ નોંધવાની તજવીજ શરૂ કરી હતી.

સુભાનપુરા વિસ્તારમાં આવેલા વૈકુંઠ ફ્લેટના સાડીઓના વેપારી ધોળકા ખાતે માતાજીના માંડવાના પ્રસંગમાં ગયા હતા. તે દરમિયાન મોડી રાત્રિના સમયે તેમના મકાનમાં તસ્કરો ત્રાટક્યા હતા. ફ્લેટમાં વેપારીના મકાનની આજુબાજુ રહેતા પાડોશીઓના મકાનના દરવાજાની કડી માર્યા બાદ ચોરો વેપારીના મકાનમાં પ્રવેશ્યા હતા અને તિજોરીમાં મુકેલા સોના ચાંદીના દાગીના અને રોકડ રકમ મળી લાખોની મતાની ચોરી કરીને ફરાર થઈ ગયા હતા. બીજા દિવસે સવારે પાડોશીઓ ઉઠ્યા ત્યારે તેમના મકાનના દરવાજા ખોલી શકાય ન હતા જેથી તેઓએ ફોન કરીને તેમના સબંધીઓને દરવાજો ખોલવા માટે જણાવ્યું હતું. ફ્લેટના તમામ લોકો બહાર આવ્યા બાદ ચકાસણી કરતા વેપારીના મકાનમાં ચોરી થઈ હોવાનું માલુમ પડ્યું હતું. ઘટનાની જાણ થતા પોલીસ પણ તુરંત સ્થળ પર દોડી આવી હતી અને નોંધવાની તજવીજ શરૂ કરવામાં આવી છે.

વર્ચ્યુઅલ ગેલેક્સી ઈન્ફોટેકને આઈપીઓ માટે મંજૂરી મળી

(પ્રતિનિધી) વડોદરા, તા.2

બીએફએસઆઇ સેક્ટરને સેવા આપતી અગ્રણી હાઈબ્રિડ SaaS અને એન્ટરપ્રાઇઝ સોફ્ટવેર કંપનીઓ પૈકીની એક વર્ચ્યુઅલ ગેલેક્સી ઈન્ફોટેક લિમિટેડે તેના આઈપીઓ માટે એનએસઈ ઈમર્જ પાસેથી સૈદ્ધાંતિક મંજૂરી પ્રાપ્ત કર્યાની જાહેરાત કરી છે. કંપનીએ ઓક્ટોબર 2024માં એનએસઈ ઈમર્જમાં તેનું ડ્રાફ્ટ રેડ હેરિંગ પ્રોસ્પેક્ટસ (ડીઆરએચપી) ફાઈલ કર્યું હતું. હાલ કંપની સુધારેલી માહિતી સાથે આરએચપી ફાઈલ કરવાની પ્રક્રિયામાં છે તથા ટૂંક સમયમાં પ્લેટફોર્મ ઉપર લિસ્ટ થવાની આશા છે. નાગપુરમાં મુખ્યાલય ધરાવતી કંપની તેની વૈશ્વિક કામગીરી સાથે આફ્રિકામાં વિસ્તરણ માટે સજ્જ છે. તાન્ઝાનિયા અને માલાવીમાં ઉપસ્થિતિ સાથે વીજીઆઈએલ આફ્રિકન માર્કેટમાં પણ કામગીરીને મજબૂત કરવાની યોજના ધરાવે છે. કંપનીએ જુલાઈ 2024માં તેનો પ્રી-આઈપીઓ ફંડિંગ રાઉન્ડ સફળતાપૂર્વક પૂર્ણ કર્યો છે.

મકાન ધરાશાહી કેસ: કોન્ટ્રાકટર તથા મુળ માલિક સામે ગુનો દાખલ થયેલ હતો

3 મજુરના મોતના કિસ્સામાં રૂ.9 લાખનું વળતર કોર્પોરેશન ચૂકવશે

(પ્રતિનિધી) વડોદરા તા.2

શહેરના પાણીગેટ, બાવામનપુરા વીમા દવાખાના સામે આવેલ ખાનગી મિલકત કે જેનું બાંધકામ લગભગ પુર્ણ થયેલ હતું. જેમાં માલિક રહેવા આવ્યા ન હતાં, પરંતુ ગ્રાઉન્ડ ફ્લોરના ભાગે ટુ-વ્હીલર સર્વિસ સ્ટેશન ચાલુ કરેલ હતું. જ્યાં કોન્ટ્રાક્ટરના અન્ય સાઈટ પર કામગીરી કરતાં શ્રમજીવીઓ રાત્રીના સમયે સુવા માટે જતાં હતા. ખાનગી મિલકત તા.29-09-2020ના રોજ રાત્રીના સમયે આકસ્મિક ધરાશયી થતાં સુવા માટે આવેલ ત્રણ વ્યકિતો દબાઈ જવાથી આકસ્મિક મૃત્યું થયેલ હતા. જ્યારે અન્ય એક શ્રમજીવીને ઈજા થયેલ હતી. જે મામલે ગુજરાત રાજ્ય માનવ અધિકાર આયોગમાં કેસ દાખલ કરેલ હતો. જે પરત્વે ગુજરાત રાજ્ય માનવ અધિકાર આયોગ દ્વારા કરવામાં આવતા હુકમો મુજબ તેઓને અહેવાલો પાઠવી આપવામાં આવેલ હતાં. ઘટના સંદર્ભે કોન્ટ્રાકટર તથા મુળ માલિક સામે ગુનો દાખલ થયેલ હતો. મકાન માલિક, કોન્ટ્રાકટર તથા મરણ પામેલ મજુરોના વારસદારો વચ્ચે તા.29-10-2020ના રોજ થયેલ સમજુતી કરાર મુજબ મરણ પામનાર ત્રણ વ્યકિતો પૈકી દરેક વ્યક્તિને રૂ.3,00,000 મળી કુલ રૂ.5,00,000 ચુકવી આપવામાં આવેલ હતાં અને ઈજા પામનાર અન્ય એક શ્રમજીવીને રૂ.50,000 ચુકવી આપવામાં આવેલ હતાં. ના.હાઈકોર્ટમાં પીટીશનમાં થયેલ સમજુતી મુજબ કોન્ટ્રાકટર ધ્વારા દુર્ઘટનામાં મૃત્યું પામનાર દરેક વ્યકિતોને વધારાનું વળતર ચુકવશે તેવું કબુલ કરેલ હતું. તે મુજબ મરણ પામેલ ત્રણ મજુરોના વારસદારોને કોન્ટ્રાકટર દ્વારા ત્રણ વ્યકિતો પૈકી દરેક વ્યક્તિને રૂ.1,00,000 મળી કુલ રૂ.3,00,000 બીજા વધારાની વળતર પેટેની રકમ ચુકવી આપેલ હતી જે મળી કુલ વળતર રૂ.9,50,000 ચુકવી આપેલ તથા હાઈકોર્ટમાં દાખલ થયેલ પીટીશનના ઓરલ ઓર્ડર મુજબ સમાધાન બેઝ પર નિકાલ કરવામાં આવેલ હતી. વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન નાણા જમા કરાવવા માગતા ન હોય તો કાયદા પ્રમાણે જંગમ વોરંટ કેમ ન કાઢવું ? તે અન્વયે જરૂરી ખુલાસો નિયુક્ત કરેલ અધિકારી સામે જરૂરી એફીડેવીટ સહિત ઉક્ત વધુ સુનાવણી તા.27-03-2025ના રોજ 13:00 કલાકે રાખવામાં આવેલ હતી. જેમાં આયોગ દ્વારા ફરીથી વળતર ચુકવવા આદેશ કરેલ છે. રૂ.9,00,000 વળતર ચુકવવા બાબતે જરૂરી નિર્ણય કરવા સ્થાયી સમિતિમાં દરખાસ્ત રજૂ કરવામાં આવી છે.

ક્રાઇમ બ્રાન્ચ 41 હજારનો મુદ્દામાલ રિકવર કર્યો

ઝાડીમાંથી ચોરીના 8 ગેસના બોટલ સાથે ત્રિપુટી ઝડપાઈ

સયાજીગંજ, પ્રતાપનગર, મકરપુરા માણેજામાં ગેસના બોટલ ચોર્યાની કબૂલાત

(પ્રતિનિધી) વડોદરા તા.2

શહેરમાં સિલિન્ડરોની ચોરી કરનાર ટોળકીને પકડવાક્રાઇમ બ્રાન્ચની ટીમ પેટ્રોલિંગમાં ફરી રહી હતી. તે દરમિયાન બાતમી મળી હતી કે અગાઉ ચોરી તથા ચેન સ્નેચિંગના ગુનાઓણાં પકડાયેલા અને વારસીયા પોપ્યુલર બેકરી ભાથુજી મંદિર પાસે રહેતો રાજ ભરત દરબાર તેના સાગરીતો સાથે મળીને વિવિધ જગ્યાઓ પર નાસતાની લારીઓ અને દુકાનોમાંથી ગેસટના 8 જેટલા બોટલો ચોર્યા છે અને આ ટોળકીને ગેસના બોટલ ભીમનાથ બ્રિજ પાસે ન્યુ સયાજી હોટલની બાજુમાં ઝાડી ઝાખરામાં નાખેલા છે અને ત્યાં ચોરો પણહાજર છે. જેના આધારે ક્રાઇમ બ્રાન્ચે ત્યો રેડ કરી અને ઓમવીરસિંગ સતપાલસિંગ ઠાકુર (રહે. કુંભારવાડા, મુળ યુપી), રાજ ભરત દરબાર અને જયકિશન ઉર્ફે ક્રિષ્ણા ભરત દરબાર (રહે. વારસીયા)ને ઝડપી પાડ્યા હતા.ત્રણેનયી પૂછપરછ કરતા તેઓએ સયાજીગંજ રેલવે સ્ટેશન, આરાધના ટોકીઝ, પ્રતાપનગર બ્રિજ, મકરપુરા માણેજા ખાતેની લારીઓ પરથી 8 બોટલોની ચોરી કર્યાનું જણાવ્યું હતું. તેમની પાસેથી 8 બોટલ અને એક બાઇક મળી રૂ. 41 હજારનો મુદ્દામાલ કબજે કબજે કરી આગળની કાર્યવાહી ક્રાઇમ બ્રાન્ચ દ્વારા શરૂ કરાઇ છે.

વડોદરામાં ગેરકાયદેસર અતિક્રમણ પર સતત કડક કાર્યવાહી

લહેરીપુરા-મંગળ બજારથી ચાંપાનેર દરવાજા સહિતના દબાણો હટાવાયા

બે ટ્રક ભરીને સામાન જપ્ત કરવામાં આવ્યો

(પ્રતિનિધી) વડોદરા, તા.2

વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનની દબાણ શાખાની ટીમ અને પોલીસ દ્વારા સંયુક્ત કાર્યવાહીના પરિણામે મંગળ બજાર અને માંડવીથી ચાંપાનેર સુધી લારીઓ અને પથારાવાળા દ્વારા કરાયેલું અતિક્રમણ કરવામાં આવ્યું હતું. કાર્યવાહી દરમિયાન ટ્રાફિકમાં અવરોધ અને ભીડ ઊભી થઈ હતી.

દબાણ શાખા ટીમે હથિયારધારી પોલીસ સાથે મળીને મંગળબજારથી ચાંપાનેર દરવાજા સુધીના દબાણનો સફાયો કરી બે ટ્રક જેટલો સામાન જપ્ત કર્યો હતો અને વેપારીઓ સામે કડક કાર્યવાહી કરી હતી, જેનાથી ભયનું વાતાવરણ સર્જાયું હતું. આ કાર્યવાહી શહેરમાં ગેરકાયદેસર અતિક્રમણનો સામનો કરવા અને ટ્રાફિકનો વાહન વ્યવહાર સુગમ બનાવવાના અને અકસ્માતોને રોકવા માટેનો પ્રયાસ છે.

લહેરીપુરા-મંગલ બજારથી ચાંપાનેર દરવાજા સહિતના અસરગ્રસ્ત વિસ્તારોમાં વેપારીઓ તેમના ગેરકાયદેસર સ્ટોલ દૂર કરવા માટે દોડાદોડ કરતા હતા ત્યારે નાસભાગ મચી ગઈ હતી. મ્યુનિસિપલ કોર્પોરેશને વેપારીઓને ગેરકાયદેસર દબાણો ઉભા કરવા સામે ચેતવણી આપી છે, અને કહ્યું છે કે જે લોકો પાલન કરવામાં નિષ્ફળ જશે તેમની સામે કડક કાર્યવાહી કરવામાં આવશે.

વે.રેલવે મજદૂર સંઘની ક્રિકેટ ટુર્નામેન્ટની વિજેતા ટીમ સન્માનિત

ટી-20 ક્રિકેટ ટુર્નામેન્ટ પ્રતાપનગર ખાતે યોજાઇ

(પ્રતિનિધી) વડોદરા,તા.2

વડોદરામાં વિસ્ટન રેલવે મજબૂર સંગત દ્વારા સ્વર્ગસ્થ શ્રી જેજી માહોરકર દાદાના સ્મરણાર્થે શ્રીજી માહોલકર મેમોરિયલ આંતર વિભાગીય t20 ટેનિસ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન પ્રતાપનગર ખાતે આવેલા રેલવેના માધવરાવ સિંધિયા ક્રિકેટ સ્ટેડિયમ ખાતે કરવામાં આવ્યું હતું. જેની આજે ફાઈનલ મેચ યોજાઈ હતી.

આ પ્રસંગે રેલવેના ડિવિઝનલ મેનેજર જીતેન્દ્રસિંહ મજદૂર સંઘના મહામંત્રી આર.જી કાબર પ્રમુખ શરીફ ખાન પઠાન સહિત ઉપસ્થિત રહ્યા હતા. ફાઈનલ મેચમાં વિજેતા અને રનર્સપ્ટ ટીમને ટ્રોફી તેમજ ઈનામ વિતરણ કરીને સન્માનિત કરવામાં આવી હતી. નોનવે છે કે આ ટુર્નામેન્ટમાં વડોદરા ડિવિઝનના અલગ અલગ વિભાગોમાંથી 62 જેટલી ટીમોએ ભાગ લીધો હતો.

બંને પક્ષે ગોત્રી પોલીસ સ્ટેશનમાં સામસામે ફરિયાદ નોધાઇ

વાસણા ભાયલી રોડ પર છોકરાઓના રમવા મુદ્દે બોલાચાલી થતાં મારામારી

પોતાના દીકરાને ફોનમાં વીડિયો રેકોર્ડિંગ માટે જણાવતા સામે દંપતીએ બાળકના હાથમાંથી મોબાઇલ ઝૂંટવી ફેંકી દીધો

ફ્લેટના લોકો આવી જતાં બંનેને છોડાવ્યા, સમગ્ર મામલે બંને પક્ષોએ એકબીજા પર મારામારી સહિતના આક્ષેપો

(પ્રતિનિધી) વડોદરા તા. 02

શહેરના વાસણા ભાયલી રોડ ખાતે આવેલા પંચમુખી હનુમાનજી મંદિર પાછળના સોસાયટીમાં બાળકોના ક્રિકેટ રમવાની બાબતમાં મોટેરાઓ વચ્ચે બોલાચાલી બાદ મારામારી થતાં બંને પક્ષોએ સામસામે ગોત્રી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે કાર્યવાહી હાથ ધરી.

પ્રાપ્ત માહિતી અનુસાર, શહેરના વાસણા ભાયલી રોડ ખાતે આવેલા પંચમુખી હનુમાનજી મંદિર પાછળ આવેલા ક્ષિતિજ એપાર્ટમેન્ટમાં રહેતા ભાવિક અશોકભાઇ પટેલ પોતાના પરિવાર સાથે રહે છે. ગત તા. 01માર્ચના રોજ બપોરે તેમનો દીકરો ક્રિકેટ રમવા ગયો હતો તે દરમિયાન બાજુના ટાવરમા રહેતા મહિલાએ બાળકને ક્રિકેટ ન રમવા કહેતા મામલો બિચક્યો હતો જેમાં ભાવિકભાઇ તથા બાજુના ટાવરના મિતેષભાઇ વચ્ચે ઉગ્ર બોલાચાલી થઇ હતી આ દરમિયાન ભાવિકભાઇએ પોતાના દીકરાને મોબાઇલ ફોનમાં વિડિયો રેકોર્ડિંગ માટે જણાવતા સામે દંપતીએ બાળકના હાથમાંથી મોબાઇલ ઝૂંટવી ફેંકી દીધો હતો અને ભાવિકભાઇ સાથે ઝપાઝપી કરતાં બચાવમાં ભાવિકભાઇએ મિતેષભાઇને બેટ માર્યું હતું આ ઘટના દરમિયાન ફ્લેટના લોકો આવી જતાં બંનેને છોડાવ્યા હતા આ સમગ્ર મામલે બંને પક્ષોએ એકબીજા પર મારામારી સહિતના આક્ષેપો કર્યા હતા અને ગોત્રી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે કાર્યવાહી હાથ ધરી છે.

મહારાજા સયાજીરાવ ગાયકવાડ યુનિવર્સિટીમાં ત્રણ મહિનામાં 800 હંગામી શિક્ષકોની ભરતી કરશે

વિવાદિત વીસી ગયા બાદ તંત્ર જાગ્યું,શિક્ષકોની ભરતી કરાશે

સરકારીના નોટિફિકેશન જાહેર કર્યા બાદ કાર્યવાહી શરૂ કરાઇ

(પ્રતિનિધી))વડોદરા,તા.2

પૂર્વ વીસી ગયા બાદ હવે ધીમે ધીમે યુનિવર્સીટીનું ડામા ડોલ થઈ ગયેલું તંત્ર ખરા અર્થમાં સાર્થક થવા માટે આગળ પગરવ માંડી રહ્યું છે. મહારાજા સયાજીરાવ ગાયકવાડ યુનિવર્સિટીમાં ત્રણ મહિનામાં 800 હંગામી શિક્ષકોની ભરતી કરવામાં આવશે. જે મામલે યુનિવર્સીટીમાં વર્ક લોડ કમિટીની બેઠક મળી હતી.

મ.સ. યુનિવર્સિટીમાં નવા શૈક્ષણિક વર્ષ 2025-26 માં હંગામી શિક્ષકોની ભરતી માટે હેડ ઓફિસ દ્વારા તમામ ફેકલ્ટીઓ કોલેજો પાસેથી યાદી મંગાવવામાં આવી છે. જે અંગેની આજે મળેલી વર્ક લોડ કમિટીની બેઠકમાં 800 હંગામી શિક્ષકોની નિમણૂક કરવાનો નિર્ણય લેવાયો હતો. જે અંતર્ગત એપ્રિલ મહિનામાં યુનિવર્સિટી દ્વારા નોટિફિકેશન પ્રસિદ્ધ કરાશે. જેમાં અરજીઓ મંગાવ્યા બાદ મે મહિનામાં ઉમેદવારોમાં ઇન્ટરવ્યૂ લેવાશે. જ્યાં યુનિવર્સિટી દ્વારા જૂન મહિના સુધીમાં હંગામી શિક્ષકોની નિમણૂક અપાશે. કોમર્સમાં સૌથી વધુ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. જેથી ફેકલ્ટીમાં હંગામી શિક્ષકોની વધુ ભરતી થાય તો નવા શૈક્ષણિક વર્ષમાં 6,30,000 હજાર ઉપરાંત વિદ્યાર્થીઓને પ્રવેશ આપી શકાય તેમ છે, તે ઉપરાંત વર્ષોથી શિક્ષક તરીકે ફરજ બજાવતા શિક્ષકો પણ ભવિષ્યમાં કાયમી થશે. તેવી અટકણો પણ ચાલી રહી છે. આ અંગે યુનિવર્સિટીના રજિસ્ટાર ડોક્ટર કે એમ ચુડાસમાએ જણાવ્યું હતું કે યુનિવર્સિટીમાં આગામી સત્ર માટે થઈ અને જે ટેમ્પરવરી અધ્યાપકોની ભરતી કરવાની હોય છે. તેની માટે વર્ક લોડ કમિટી ફોર્મ થઈ અને તે કાઉન્ટિંગનું કામ યુનિવર્સિટીમાં ચાલી રહ્યું છે. આ વર્ક લોર્ડ કમિટીના રીવ્યુના આધારે આગામી વર્ષની અંદર જે કોઈપણ ટેમ્પરરી ટીચર્સની ભરતી કરવાના છે. જેમાં મુખ્ય ત્રણ ભાગની અંદર ભરતી થાય. એક તો ટેમ્પરવરી ટીચર બીજા છે હાયર પેમેન્ટ પ્રોગ્રામની અંદર ટીચર્સ અને ત્રીજા છે કોન્ટ્રાક્ટરલ જેમને અત્યાર સુધીનો કોન્ટ્રાક્ટ કહેતા હતા. એ પાંચ વર્ષના કોન્ટ્રાક્ટમાં આ વખતે ચાર વર્ષ માટેનો થવાનો છે. હાયર પેમેન્ટ પ્રોગ્રામની અલગ પોઝિશન અને એના સિવાયની અધર ટેમ્પરરી પોઝિશન. આમ ભેગી થઈ અને 580 જેટલા ટેમ્પરવરી ટીચર હાયર પેમેન્ટ ની અંદર 232 શિક્ષક અને લગભગ 70 ટીચર કોન્ટ્રાક્ચુલ સર્વિસ એટલે કે ચાર વર્ષ માટે કોન્ટ્રાક્ટ થાય છે ટીચર્સનો એની માટે ભરતી થાય તેની તૈયારી અત્યારે થઈ રહી છે. હાલ આ કમિટીનું કાર્યક્ષેત્ર છે. ટેમ્પરવરી ભરતીનું છે. પરંતુ ચોક્કસપણે જે યુનિવર્સિટીની અંદર જે એસ્ટ્રાબિલીઝ અપાયું છે. સરકાર દ્વારા અને તેની અંદર જે ખાલી પડેલી જગ્યા છે. તેનું નવું નોટિફિકેશન બહાર પાડવાની કાર્યવાહી પણ હવે ટૂંક સમયની અંદર શરૂ થશે અને તબક્કાવાર એની અંદર થશે. સૌથી પહેલા જે ટેમ્પરરી ટીચર છે એમની ભરતી થશે અને ત્યાર પછી ફૂલ ટાઈમ ટીચરની કાર્યવાહી તદુપરાંત અને પછી આગામી કાર્યવાહી કરવામાં આવશે.

નવાપુરામા કચરો નાખવાની સૂપડી પર મોટર સાઈકલ ચઢાવી દેવાની બાબતે મારામારી

એક ઇસમે ગાલના ભાગે ચપ્પુ મારતાં ઇજાગ્રસ્તને હોસ્પિટલમાં ખસેડાયો

(પ્રતિનિધિ) વડોદરા તા. 02

શહેરના નવાપુરા વિસ્તારમાં આવેલા મંગળદાસ મહોલ્લામાં કાકાના દીકરાએ કચરાની સૂપડી પર મોટરસાયકલ ચઢાવી દેવા જેવી નજીવી બાબતે ઝઘડો બોલાચાલી થતાં મામલો મારામારી સુધી પહોંચ્યો હતો જેમાં કાકાના દીકરાએ બે સાળા સાથે એકને ગડદાપાટુનો માર માર્યો હતો જેમાં એકે ગાલ પર ચપ્પુ જેવા તિક્ષણ હથિયારથી ઘા મારતાં યુવકને એસ.એસ.જી.હોસ્પિટલમા ખસેડવામાં આવ્યો હતો સમગ્ર મામલે બંને પક્ષોએ સામસામે નવાપુરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે કાર્યવાહી હાથ ધરી.

પ્રાપ્ત માહિતી અનુસાર, શહેરના નવાપુરા વિસ્તારમાં આવેલા મંગળદાસ મહોલ્લામાં વિશાલ રાજુભાઇ પરમાર પરિવાર સાથે રહે છે અને એક ખાનગી જ્વેલર્સને ત્યાં નોકરી કરે છે ગત તા.01 માર્ચના રોજ તેઓના ઘરની ઉપર રહેતા કાકાના દીકરા દિનેશ કાંતિભાઈ પરમાર પત્ની સાથે મોટરસાયકલ પર બહાર જવા નિકળ્યો હતો તે દરમિયાન કચરો નાખવાની સુપડી પરથી મોટરસાયકલ પસાર થતા વિશાલની માતાએ દિનેશને ટકોર કરતાં મામલો બોલાચાલી થી ઝઘડા સુધી પહોંચી ગયો હતો અને રાત્રે દિનેશભાઈએ પોતાના બે સાળાઓને બોલાવી વિશાલભાઈને અપશબ્દો બોલી ઝપાઝપી કરી ગડદાપાટુનો માર માર્યો હતો આ દરમિયાન દિનેશના સાળા કૌશિકે વિશાલ પરમારનું ગળું પકડી રાખ્યું હતું.

જ્યારે બીજા સાળા સતીષે વિશાલ પરમારના જમણા ગાલ પર ચપ્પુ મારી દેતાં વિશાલના પરિવારે બુમરાણ મચાવતા આસપાસના લોકો દોડી આવ્યા હતા તે દરમિયાન વિશાલના ભત્રીજાએ પોલીસ કંટ્રોલ રૂમને તથા એમ્બ્યુલન્સ ને કોલ કરતા ઈજાગ્રસ્ત વિશાલ પરમારને એસ.એસ.જી.હોસ્પિટલમા ખસેડ્યો હતો જ્યાં તેને ચાર ટાંકા આવ્યા હતા આ અંગે વિશાલ પરમારે દિનેશ પરમાર, તેમના પત્ની તથા બે સાળા વિરુદ્ધ નવાપુરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી જ્યારે સમગ્ર મામલે દિનેશ કાંતિલાલ પરમારે વિશાલ પરમાર સામે અપશબ્દો બોલી મારામારી કરવાની તેમજ તેમના સાળા સતીષને લાફો માર્યો હોવાની પોલીસ ફરિયાદ નોંધાવતા પોલીસે જરૂરી કાર્યવાહી હાથ ધરી છે.